# ઈ-મેઇલ

**ભ**રચોમાસામાં ચાલુ વરસાદે, દરિયાકિનારે ઊભા રહીને
પગની આસપાસ પથરાઈ જતાં મોજાંનું
પાણી અનુભવવા જેવું છે...
વરસાદના બારીક છાંટા શરીર આખાને ઝીણી સોયની જેમ વાગ્યા કરે,
ને છતાંય મીઠ્ઠા લાગે... અને પગ નીચેથી જે રમતિયાળ સરકી જાય –
એ શું છે, રેતી કે પાણી – તે સમજાય તે પહેલાં એ 'સરકવું' પગને મુલાયમ સ્પર્શ જેવું ગમી જાય...
આપણને લાગે જાણે કે પગ નીચેથી જમીન સરકી રહી છે...
ને આવી ઝીણી અસમંજસ દરમિયાન પેલા વરસાદ અને દરિયો
બંને તટસ્થતાપૂર્વક 'પવિત્ર પજવણી' કરતાં રહે છે...
ગુજરાતી નિબંધ સાહિત્યમાં શ્રી ગુણવંત શાહની ભૂમિકા
આ વરસાદ અને દરિયાનાં પાણી જેવી બની રહી છે, જેઓ મૌલિક વિચારો દ્વારા સતત પજવ્યા કરે...
અને છેવટે તેમની એ પજવણી કોઈ એવા મુકામનો પરિચય કરાવે
જ્યાં વિચાર-લાલિત્યનો ઉઘાડ નીતરતો હોય!

ઉપરોક્ત અનુભવ અંગત છે, પરંતુ તે સાથે સંમતિથી સહી કરનારા અનેક જણ મને મળ્યા છે.
વાચકને ક્યારેક અનાયાસ, તો ક્યારેક ઇરાદાપૂર્વક 'ખલેલ' પહોંચાડી શકવાની ગુણવંતભાઈની ક્ષમતાનું
રહસ્ય – એમની કલમમાં રહેલા સૌમ્ય બળમાં રહેલું છે.
જોકે તેમની સૌમ્યતા સત્યની આડે ક્યારેય ન આવે.
એમનું સત્ય તેઓ પારદર્શકતાથી પ્રગટ કરે છે... કરતા રહે છે.
સદીઓથી વિચિત્ર ગણાતી આવેલી અમારી નવી પેઢીને સતત કોસ્યા કરતી બુઝુર્ગ પેઢીની સામે છડેચોક
પક્ષપાતપૂર્વક પ્રેમ કરે, એ ગુણવંત શાહ છે.

એમના કાવ્યમય પુસ્તક 'કૃષ્ણનું જીવનસંગીત' અમને અર્પણ કરતાં તેઓ એવું લખે કે :
'પ્રત્યેક સૂર્યાસ્ત નવું અંધારું મૂકતો જાય છે;
પ્રત્યેક સૂર્યોદય નવું અજવાળું લેતો આવે છે.'
આ ગુણવંત શાહ છે, જેમણે નવી પેઢીને સંસ્કારમાં આશા અને વિશ્વાસ આપ્યાં છે.

શ્રી સુરેશ દલાલ કહે છે એમ, "ગુણવંત શાહના લખાણની વિશિષ્ટતા એ છે કે,
એ વ્યાસપીઠ પરથી પ્રવચન આપતા હોય એવું ન લાગે,
પણ આપણી પડખે કોઈ મિત્ર બેઠો હોય અને
શ્વાસપીઠ પરથી વાતો કરતા હોય તેવું લાગે."

વિલ દુરાં, અબ્રાહમ મેસ્લો, કાર્લ સેગન, કાર્લ માર્ક્સ, કાફ્કા કે નિત્સે...
આ બધા નામ ગુગલ એરા પછી દરેક ત્રીજો વ્યક્તિ વાપરી જાણે છે,
પણ આજથી ૪૦ વર્ષ પહેલાં આ નામોનો પરિચય ગુણવંત ભાઈએ
મને અને મારા જેવા સેંકડો લોકોને એમના પુસ્તકો દ્વારા કરાવ્યો છે.
ગાંધીગીરીના પાઠ અને ગાંધીજી માટેનો પ્રેમ પણ એમના થકી જ પરિપક્વ થયો!

હું ગૌરવપૂર્વક કહી શકું કે, જે શિક્ષણ હું શાળા કે કોલેજમાં નથી પામ્યો એ એમની
વિચાર શિબિરોમાં અને હિંચકે ઝૂલતા ઝૂલતા થયેલી કલાકો સુધીની નિતાંત ચર્ચાઓમાંથી પામ્યો છું!
હા, એમની પ્રખ્યાત હિંચકા યુનિવર્સિટીનો લાભ મને પણ મળ્યો છે.
એમના આવા ભાવસંસ્કારનો ઋણસ્વીકાર એટલે આ પુસ્તક : ઈ-મેઇલ.
એમનાં ઘણાં પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. ખૂબ વેચાય છે... અને વંચાય પણ છે.
પરંતુ આ પુસ્તકનો આશય અને અંદાજ કંઈક જુદા છે.

નવી પેઢીના GenZ ગુજરાતીઓને ઇન્ટરનેટથી અંતરનેટ સુધી લઈ જવા છે...
ગુણવંત શાહ જેવા આપણી ભાષાના સમર્થ વિચારકના
વિષયવૈવિધ્ય અને વૈપુલ્યને વાચકો સુધી પહોંચાડવું છે...

ભાઈ સાથે સંબંધ એવો રહ્યો છે કે એમણે આ સંપાદન કરવાની અનુમતિ આપી
એના કરતાં હકપૂર્વક મેળવી લીધી એમ કબૂલવું જ રહ્યું.

જ્યૉર્જ બર્નાર્ડ શૉએ કહેલું કે,
'આપણને થોડાક પાગલ માણસોની જરૂર છે,
જુઓ તો ખરા! શાણા માણસોએ આપણી શી વલે કરી છે!'

આવા એક સાચકલા નીમપાગલની ઈ-મેઇલ
આપના સુધી પહોંચી રહી છે તેનો આનંદ છે.



www.sanjayvaidya.in

જે ઘરમાં દસ સારાં પુસ્તકો
ન હોય એવા ઘરમાં
દીકરી આપવામાં જોખમ છે
અને
એવા ઘરની દીકરી લેવામાં
પણ જોખમ છે.

ગુણવંત શાહ

